### ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વૃક્ષારોપણ અભિયાન





ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પર્યાવરણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરીને પર્યાવરણને બચાવવા જાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવે છે. પર્યાવરણનું વધતું જતું પ્રદૂષણ એ વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. પર્યાવરણનાં પ્રદૂષણને કારણે વધતી જતી ગરમીને કારણે ક્લાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો આપણે કરી રહ્યા છીએ. આ સમસ્યાઓને કારણે પૃથ્વી પર વસતા સજીવોનું જીવન મુશ્કેલીભર્યું બન્યું છે.

આ સમસ્યાનો સામનો કરવા માટે ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે મોટા પાયે સમગ્ર ગુજરાતમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી ૫૦૦ વૃક્ષોનું આરોપણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ ભરતભાઈ પટેલ, મંત્રી ભોળાભાઈ પટેલ, જીપીસીબી પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના શૈલેષભાઈ જયસ્વાલ, નગરસેવક નિલાબેન શુક્લ, ધીરૂભાઈ ડોડિયા, શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલયના આચાર્ય ગિતેષભાઈ પટેલ, ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ હેમંતભાઈ સુથાર, પ્રકૃતિપ્રેમી નરેશભાઈ ઠાકર, પંકજભાઈ શુક્લ, એચ બી વરિયા અને ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ સેન્ટરના આગળના ખુલ્લા પ્લોટમાં મહેમાનોને હસ્તે લીમડા, બોરસલ્લી, સપ્તપર્ણી જેવાં ૫૦૦ વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું હતું. આર જી પટેલ કન્યા વિદ્યાલય, સૅક્ટર-૨ ઉની ઈકો ક્લબ અને ઍનસીસીની ૫૦ વિદ્યાર્થીઓ પણ તેમના ઈન-ચાર્જ શિક્ષકો સાથે આ ઉપક્રમમાં જોડાઈ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગના હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સક્રિય ભૂમિકા ભજવી હતી.

# પ્રેરણા વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર




સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં જિલ્લા કાનૂની સત્તામંડળ, ગાંધીનગર દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય મનીષભાઈ ખત્રીએ સત્તમંડળના અગ્રણીઓને આવકારી કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરી હતી. સત્તામંડળના અગ્રણી કે કે પટેલ અને જયરામભાઈ સોનીએ વ્યસનથી થતા નુકસાનની વિગતે સમજ આપી વિદ્યાર્થીઓને વ્યસનોથી દૂર રહેવાની સલાહ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને વ્યસનોથી દૂર રહેવા અંગે પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ધારીએ એવું થાય નહીં
અને
વિચારીએ એવું હોય નહીં
એનું જ નામ
જિંદગી

## જન્મદિને વધામણી



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩



મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭



વિરપાલસિંહ વનરાજસિંહ રાણા
મો. ૮૯૮૦૭ ૫૧૫૩૦

### ઍન્ટરપ્રેન્યરશીપ ડેવલપ-મેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અનુસુચિત જાતિના યુવાનો માટે પ્રથમ વખત યોજાયેલા

# ઉદ્યોગસાહસિક તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન

ગાંધીનગર, તા. ૨૬

ઍન્ટરપ્રેન્યરશીપ ડેવલપ-મેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અનુસુચિત જાતિના યુવાનો માટે યોજાયેલા પ્રથમ ઉદ્યોગસાહસિક તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું છે. અનુસુચિત જાતિ કલ્યાણ અને અધિકારિતા વિભાગ, અમદાવાદ અને ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમો હેઠળ ૬૦૦ નવયુવાનોને સ્વરોજગાર માટે તૈયાર કરવાનું આયોજન હતું.

એક માસની તાલીમ દરમિયાન ૨૪ નવસાહસિકોને ઉદ્યોગની પસંદગી, બિઝનેસ પ્લાન, માર્કેટિંગ, ફાઈનાન્સ મેનેજમેંટ તથા સરકારશ્રી તરફથી મળતાં સહાય અંગે તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં સેનેટરી નેપ્કિન્સ, સ્લીપર મેકિંગ, જ્વેલરી મેકિંગ, ઓક્સિજન બાર, રેડિમેડ




કપડાં, બોન્ઝાઈ પ્લાન્ટ મેકિંગ, અમુલ પાર્લર વિગેરે જેવા વ્યવસાય શરૂ કરવા માટે તાલીમાર્થીઓએ ઉત્સાહભેર આયોજન કરેલ છે.

જિલ્લા કલેક્ટર એસ કે લાંગાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે "ઈડીઆઈઆઈમાં તાલીમ વિચારસરણીમાં પરિવર્તન લાવવા અંગે છે અને ઉદ્યોગસાહસિકો બનવા ઈચ્છતા લોકોને ક્ષમતા આપશે. એક વર્ષ માટે વ્યવહારિક ટેકો મળવાની સાથે તમામ સહભાગીઓ સફળ વ્યવસાયિકો બનશે.'' ઈડીઆઈના પ્રૉફેસર ઍસ બી સરીને જણાવ્યું હતું કે "છેલ્લાં ૩૫ વર્ષથી ઈડીઆઈઆઈનું ઈડીપી મોડલ ભારતની સાથે વિદેશમાં પણ સફળ પુરવાર થયુંછે. અમે આ ઉદ્યોગસાહસિકોને તેમનાં વ્યવસાયની સફળતા સુનિશ્ચિત કરવા એક વર્ષ માટે વ્યવહારિક ટેકો પ્રદાન કરીશું.'' અનુસુચિત જાતિ કલ્યાણ અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારના ડેપ્યુટી ડિરેક્ટર એન એલ બગડાએ જણાવ્યું હતું કે "સરકાર આ સમુદાયમાંથી યુવા પેઢીનાં ઉત્થાન માટે ઉદ્યોગસાહસિકોને ટેકો આપવા આતુર છે. અમારું માનવું છે કે, ઈડીઆઈઆઈનાં સપોર્ટ સાથે અમારાં પ્રયાસો વ્યર્થ પુરવાર નહીં થાય, કારણ કે સંસ્થાએ ઉદ્યોગસાહસિકોને સફળ તાલીમ આપે છે.''

પૂર્ણાહુતિ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ઍસ. જી. પ્રાથમિક શાળામાં યોજાઇ ઈન્ટર હાઉસ કબડ્ડી અને ફૂટબોલ સ્પર્ધા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ- ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર હાઉસ કબ્બડી અને ફૂટબોલની સ્પર્ધા યોજાઈ હતી . આ સ્પર્ધામાં ગાંધી (બ્લ્યુ ) હાઉસની ફૂટબોલ બોયસ ટીમ અને કબ્બડી ગર્લ્સ ટીમનો વિજય થયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# ખેલમંત્રીને ખાસ ખેલાડીઓની શુભકામનાઓ



રાજ્યના રમતગમત વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલનો મંગળવારે જન્મદિવસ હતો. સ્પેશિયલ ઓલિમ્પિક્સ, ગુજરાતના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના ખેલાડીઓ દ્વારા તેમને રૂબરૂ મળીને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મંત્રી પણ આ સ્પેશિયલ ખેલાડીઓને પોતાને આંગણે ભાળીને ખુશખુશાલ થઈ ગયા હતા. તેમણે ખેલાડીઓને મોં મીઠું કરાવી તેમની સાથે સમય વ્યતીત કર્યો હતો.

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૭મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

સાસૂન હૉસ્પિટલમાં ઍપેન્ડિસાઈટિસના ઑપરેશન પછી અનેક લોકો ગાંધીજીને મળવા આવતા હતા. તેમાંના એક મુલાકાતીએ બહાર આવી કહ્યું, તેઓ એટલા બધા દૂબળા પડી ગયેલા હતા કે તેમનો ફિક્કો ચહેરો મારાથી જોઈ શકાતો નહોતો. પણ તેમનું લાક્ષણિક હાસ્ય જે સૌને પ્રેમથી આકર્ષતું હતું તે હું ભૂલી શકતો નથી.

તેમના મોઢા ઉપર સદ્‌ભાવભર્યું સ્મિત ફેલાયેલું હતું. જાણે અમને વરસોથી ઓળખતા હોય એ રીતે તેમણે અમારી સાથે હસીને વાત કરી.

એમનું સ્મિત, એમનું હાસ્ય, એમની મોહકતા - મૂળ આદર્શોનાં આવશ્યક અંગો હતાં.

- ડૉ. ઝાકિરહુસેન




ઈસ ૧૯૩૬માં જયારે હું પહેલવહેલો બાપુને મળવા ગયો ત્યારે મારી એવી ધારણા હતી કે તેઓ ઘણા ગંભીર અને અતડા સ્વભાવના હશે. તેમનું ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ હોવા છતાં તેઓ સ્વભાવે પ્રેમાળ અને મિલનસાર હતા, એ જોઈ મને આશ્ચર્ય થયું. તેમની અખૂટ વિનોદવૃત્તિને લીધે તેમની આસપાસનું વાતાવરણ ચેતનવંતું અને આનંદમય રહેતું.

- શ્રીમન્ન નારાયણ અગ્રવાલ

ગાંધીજીએ પોતાના ધર્મનું પાલન હિંમત અને જીવનની સુસંગતતાથી કર્યું છે. તેમનામાં અસામાન્ય વિનોદવૃત્તિ, કંઈક રમૂજવૃત્તિ અને મનમોજીલાપણું હતું. સામાન્ય રીતે ચુસ્ત ધાર્મિક પુરુષોમાં એ જોવામાં આવતું નથી.

- સર રાધાકૃષ્ણન

વિશ્વવિખ્યાત ઍક્ટર ચાર્લી ચૅપ્લિન ગાંધીજીને ઈંગ્લેન્ડમાં મળ્યા ત્યારે શી વાતો કરવી તેની તેમને મૂંઝવણ હતી. ગાંધીજી ફિલ્મો જોતા નથી એટલે ફિલ્મી દુનિયાની વાત ન કરતાં ચાર્લી ચૅપ્લિને ગાંધીજીને કહ્યું,

હિંદની સ્વતંત્રતા માટેની લડત અને પ્રજાની આકાંક્ષા પ્રત્યે મને સહાનુભૂતિ છે. પણ આપના યંત્રો વિશેના વિચારોથી હું મૂંઝવણમાં પડી જાઉં છું.

મહાત્માએ માથું હલાવ્યું અને હસ્યા.

- ચાર્લી ચૅપ્લિન

તેમના સંબંધમાં ત્રીજી જે રમૂજી વસ્તુની મારા પર છાપ પ ડી છે તે તેમનો રમૂજી સ્વભાવ છે. તેઓ બધાંની સાથે હસતા. છોકરો હોય કે છોકરી, નાના હોય કે મોટા હોય. તેમનામાં ઘણી હાસ્યવૃત્તિ હતી. તેમનું હૃદય ઈશ્વરનાં સંતાનો પ્રત્યેના પ્રેમથી અને કાળજીથી છલોછલ ભરેલું હતું.

- ખાન અબ્દુલ ગફારખાન

તે બાળકની જેમ હસે છે અને બાળકોને ચાહે છે.

- સી એફ એન્ડ્રુઝ

તેમને ગમ્મત કરવાનું ગમતું. નિશાળના છોકરાની જેમ મેં તેમને ખડખડાટ હસતા સાંભળ્યા છે.

- જ્યોફે ટ્રીઝ

તેમનું સ્મિત અદ્‌ભૂત હતું જે સ્મિતે લોકોને મોહિત કર્યા છે.

●

દિલ્હીમાં રિવોલ્વરમાંથી છૂટેલી ત્રણ ગોળીઓથી તેમનું હાસ્ય અદૃશ્ય થયું અને અમે બધા જ શરમાઈ ગયા

●

કેવા વહાલા લાગે એવા ડોસા ! વાળ વિનાનું માથું ને ચશ્માં, વળાંકવાળું નાક, પંખીના જેવા હોઠ, હેતભર્યું પણ કંઈક બોખું સ્મિત !


તેમનાં ભાષણો અને લખાણોમાં તમે એક પ્રકારનો મર્યાદિત વિનોદ અને સુંદર રૂપક જોશો.

- રેજીનોલ્ડ રેનોલ્ડ્ઝ

**'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર**

# સૈયરને ગીત, ગઝલ, છંદોબદ્ધ અને અછાંદસમાં આહ્વાન કરતા કવિની કવિતા

કવિતા માટે એમ કહી શકાય કે તેના વિષયો મુખ્યત્વે પ્રણય, પ્રકૃતિ અને પરમાત્મા હોય તે સ્વાભાવિક છે. અને તેમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કાવ્યપ્રકારોમાં ગીત, ગઝલ અને અછાંદસ છે. છંદોબદ્ધ કાવ્યરચનાઓ કવિની ધીરજ અને કાવ્ય પ્રત્યેની નિષ્ઠાને




પ્રગટ કરે છે. પણ એ ધીરજ છેક નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ રૂપે આગળ વધે છે ત્યારે પણ પ્રગટ થયેલ પુસ્તકના લોકાર્પણમાં વિઘ્નો આવતાં બેત્રણ વખત મુલતવી રાખ્યા બાદ આપણી સમક્ષ જે આવ્યું છે તે પુસ્તકના શિર્ષકને જોતાં કવિ જાણે તેની કવિતારૂપી સૈયરને જરા ઉતાવળ કરવા કહેતા હોય તેમ 'હાલ્યને સૈયર' કહે છે, તેની વાત કરીએ.

'હાલ્યને સૈયર' કવિ બાબુ નાયકનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. જેને પ્રકાશિત કરવામાં ઘણો લાંબો વિલંબ થયાની વાત તેમણે પોતાના નિવેદનમાં નોંધી છે. તેથી જ નિષ્ઠા અને નિસબતપૂર્વકની કાવ્યપ્રવૃત્તિને બિરદાવતાં જાણીતા કવિ દલપત પઢિયારે સાચું જ કહ્યું છે કે 'કવિતા લખનારા અને લખ્યા પછી તેની પ્રસિદ્ધિની પ્રવૃત્તિ વિશે ઉતાવળ કહી શકાય એવી કક્ષાનો ઉત્સાહ દાખવનારા ઘણા હોય છે. બાબુભાઈની કાવ્યપ્રવૃત્તિમાં પ્રેરણા, પોષણ અને ઘડતરમાં તેમનો ગ્રામ વનપ્રદેશ, બાળપણ, પ્રકૃતિ, સાહિત્યપ્રીતિ, લોકસંસ્કૃતિ અને લોક પરંપરાનો વારસો વગેરે પરિબળોએ મોટો ભાગ ભજવ્યો છે. સંગ્રહની મોટાભાગની રચનાઓમાં પ્રેમ અને પ્રણયના ભાવનું ગાન થયેલું છે.

'હાલ્યને સૈયર, સાંવરિયા રમવાને ચાલ, કોરી રે ગાગરથી, ગુલમ્હોરી દીવાલ, ખીલ્યાં ઉપવન, સહજીવન, આદિ રચનાઓ પ્રણ ભાવના નિરૂપણની છે. ખેતર, ચાડિયો, નધણિયાતું ખેતર જેવી રચનાઓ શ્રમ અને કૃષિ જીવનનો મહિમા કરે છે. એમની



**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

રચનાઓમાં ક્યાંક ક્યાંક કટાક્ષનો દોર પણ ગૂંથાતો રહે છે. આવડો સંદેશો, જુઓ તપાસી, કંચનને ન લાગે કાટ વગેરે ભજનપદ પરંપરાને અનુસરતી રચનાઓ છે.

'હાલ્યને સૈયર'ની કવિતા વિશે જિતેન્દ્ર કા. વ્યાસ પ્રસ્તાવનામાં લખે છે કે વિવિધ કાવ્યસ્વરૂપોના ગુચ્છમાં ગુણવત્તાની દૃષ્ટિએ સૌથી મોટો અને મહત્ત્વનો કાવ્યગુચ્છ ગીતોનો છે. તેમાં પ્રીતિ છે, વેદના છે, પ્રકૃતિ છે, કુટુંબભાવના છે, દીકરીનો મહિમા છે, દલિતોનું દર્દ છે. બકરી અને ગર્દભ શાં પ્રાણીઓ છે અને અધ્યાત્મ છે. આ બધામાં કવિ પાસેથી આસ્વાદ્ય રચનાઓ મળી છે. અક્ષરમેળ છંદમાં કાવ્યકૃતિ કંડારવી એ તો દૂરની વાત છે પણ અક્ષરમેળ છંદમાં પદ્યપંક્તિ રચવી એ પણ સાધના માગી લે છે. આવું વાતાવરણ છે ત્યારે આ કવિ શિખરિણી, મંદાક્રાંતા અને ઉપજાતિ જેવા છંદમાં કાવ્યરચના કરવા પ્રવૃત્ત થયા છે એ આનંદની ઘટના છે. છંદોબદ્ધ કાવ્યોમાં પદ્યાન્વય પદોનો પરસ્પર સંબંધ ભાવકને અર્થગ્રહણમાં અડચણરૂપ બને છે. આમ છતાં કવિનો અક્ષરમેળ છંદમાં કાવ્ય રચનાનો પ્રયત્ન પ્રશસ્ય છે.

સોશિયલ મીડિયામાં ફેસબૂક પર રોજ એક નવો શેર લખી મૂકતા શાયર કિશોર જીકાદરા 'કંઈક નવું, કંઈક તાજું'માં જણાવે છે કે 'કવિએ છંદોબદ્ધ તથા અછાંદસ લખવાનો પ્રયાસ કરીને પોતાની કક્ષા વાચકોને બતાવી આપી છે. સારું અને સાચું અછાંદસ લખવું એ કવિની કસોટી અને પક્વતાનું માપ છે. કવિ આ બારામાં કેટલા સફળ થયા છે તે તો વાચકો જ કહેશે. કવિતાક્ષેત્રમાં પ્રવેશવાની સરળતમ સીડી મનાતી ગઝલ લખવાની અને પોતાના પ્રથમ સંગ્રહમાં મૂકવાની લાલચ આ કવિ પણ રોકી શક્યા નથી. કોઈપણ કાવ્યપ્રકારની સૌપ્રથમ અનિવાર્યતા છે લય. કેટલાક કવિઓ ગઝલમાં લય મેળવણીની મથામણમાં અને પ્રાસ તથા રદિફકાફિયાની ગોઠવણમાં એ ભૂલી જાય છે કે કવિતામાં સંવેદનનું તત્ત્વ પણ એટલું જ અનિવાર્ય છે. પરિણામે ગઝલ શબ્દરમતથી આગળ વધી શકતી નથી. કવિ બાબુભાઈ નાયક પોતાનાં ગીતોમાં જે ઊંચાઈનું સંવેદન લાવી શક્યા છે તેવું ગઝલમાં આણી શકે તો સારી ગઝલ મળે.' કવિ વિવેચક નવીનચંદ્ર ડોડિયા બાબુ નાયકને ભૂમિતળના કવિ કહે છે. તો પ્રા. અમૃત ચૌધરીએ કવિનો સુંદર પરિચય આપ્યો છે. આવો, આપણે સૌ પણ કવિના આ પ્રયાસને આવકારીએ અને અભિનંદીએ.

હાલ્યને સૈયર (કાવ્યસંગ્રહ)
લેખક : બાબુ નાયક
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯, કિંમત : રૂા. ૧૫૦/-